# <u>આંક–૧ લગત હુકમ :–</u>

આજરોજ ફાઇલ હાથ પર લીધી. પોકાર કરાવતાં પક્ષકારો હાજર નથી. ફરીયાદીનાં વિ.વ.શ્રી હાજર છે, પરંતુ ફરીયાદી તરફથી કોઇ મુદત અરજ રજુ નથી. રેકર્ડ જોતાં સદરહુ ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રેકર્ડ રોજકામ જોતાં હાલના કામે આરોપીને સમન્સની લાંબા સમયથી બજવણી થયેલી નહીં હોવા છતાં ફરીયાદી તરફે તેમના વિ.વ.શ્રીએ સમન્સ/વોરંટ હાથોહાથ મેળવેલ હોવા છતાં રજી.એડી.થી નોટીસ મોકલેલ કે કેમ તે જાહેર કરવાની કે હાજર રેહવાની કે ત્યારપછી કયારેય મુદત અરજી રજુ કરવા પણ દરકાર લીધેલ નથી. આમ, હાલનું કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરનામે સમન્સ/વોરંટની બજવણીના સ્ટેજે ચાલતું હોવા છતાં ફરીયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કે બજવણી કરવા કોઇ દરકાર લીધેલ નથી. વળી રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **સાત** વર્ષ જેટલો જુનો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લાં લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર હોવા છતાં મુદત અરજી રજુ કરવાની પણ દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઇલ્સ મીલ્સ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ૨૪૦૫/૦૯ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ તા. ૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઇ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરીયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવાનાં સ્ટેજે ગેરહાજર રહેલા છે અને બજવણી કરવા કોઇ પ્રયત્ન કરેલ નથી. વધુમાં ફરીયાદીને અવાર–નવાર નોટીસ કરેલ હોવા છતાં ફરીયાદી હાજર રહેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

હાલનાં કામે ફરીયાદી ગેરહાજર રહેતાં હોય, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૬ ની જોગવાઇ પ્રમાણે ફરીયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને સમન્સ/વોરંટની બજવણી નહીં કરવા સબબ આજરોજ આરોપીને નિર્દોષ ઠરાવી ફરીયાદીનો કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ (ડો.રાકેશ.પરિયાની)
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬ ૩૧ માં એડી. ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૪૯, અમદાવાદ,
(UIC No.GJ01252)